

**દેશમાં ચાર ક્રાંતિ લાવવાનું વડાપ્રધાનનું વચન** Page-6


**સુવિચાર : મહેનત એવી અને એટલી ચૂપકીદીથી કરવી કે સફળતા બૂમાબૂમ કરતી આવે - નારાયણમૂર્તિ**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪ | ૪ એપ્રિલ, ૨૦૧૫, શનિવાર ; ચૈત્ર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં આધાર કાર્ડ યોજના વિલંબમાં

## કેન્દ્રની યોજનાઓ પણ નબળી કામગીરીને લઈ અટવાતાં તંત્ર વિમાસણમાં : જિલ્લામાં માત્ર ૬૦ ટકા જ કામગીરી થઈ છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં આધારકાર્ડ માટેની નબળી કામગીરીને લઈ તંત્રની ચિંતામાં ભારે વધારો થવા પામ્યો છે. બેંકના ખાતાઓ સાથે આધાર કાર્ડ જોડવાની યોજના અને ચૂંટણી કાર્ડમાં પણ આધાર કાર્ડ નોંધવાની વાતના અમલીકરણમાં વિલંબ થઈ રહ્યો છે.

કેન્દ્રની જ બે યોજનાઓના અમલીકરણમાં વિલંબ થતો હોવાથી તંત્રની મુશ્કેલી વધી છે. બીજી તરફ જિલ્લામાં વધુ કીટો ફાળવવા તેમજ રાજય સરકારે કેમ્પ મોડ પર આ કામગીરી કરવાની આપેલી સૂચનાઓ પછી પણ કામગીરીમાં સુધારો થયો નથી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮ લાખ જેટલા લોકો જ આધારકાર્ડ ધરાવે છે. હજુ ૬ લાખથી પણ વધુ લોકો પાસે આધારકાર્ડ ઉપલબ્ધ નથી.

જિલ્લામાં૦ થી ૫ વર્ષના બાળકો અને ૫ થી ૮ વર્ષના બાળકના આધાર કાર્ડમાં સૌથી નબળી કામગીરી છે. ૧૮ થી ૪૫ વર્ષની આયુ ધરાવતા લોકોમાં ૨.૫૦ લાખ લોકો પાસે જ આધાર કાર્ડ છે જયારે ૪૫ થી ૬૫ અને ૬૫થી વધુ આયુ ધરાવતા ૩.૫૦ લાખ જેટલા લોકો માટે આધારકાર્ડ છે.

જિલ્લામાં આધારકાર્ડની નબળી કામગીરી એ તંત્ર માટે મુશ્કેલી ઉભી કરી છે. અહીં કીટો વધુ ફાળવવા માટે માર્ચ માસના પ્રારંભમાં રજુઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત આધારકાર્ડ માટેની રિવ્યુ બેઠકો માટે પણ તે અંગે વારંવાર રજુઆતો કરવા પછી એજન્સી દ્વારા જે નકારાત્મક અભિગમ દાખવવામાં આવી રહ્યો છે તેને લઈ તંત્રની વિમાસણ વધી છે.

એક વખત આ કામગીરી કરનાર એજન્સીને તંત્ર દ્વારા નોટીસ પણ આપવામાં આવી છે પરંતુ કોઈ જ અસર થઈ નથી. જિલ્લામાં જુન પહેલાં તમામ લોકોને આધારકાર્ડ આપી દેવાનો લક્ષ્યાંક પુનઃ સુધારીને આપવામાં આવ્યો છે. પરંતુ હજુ સુધી કીટોની ફાળવણી ન થઈ હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગર મેડિકલ કૉલેજ એમસીઆઈ ટીમના ઈન્સ્પેક્શનની રાહ જૂએ છે

## ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી અટવાતાં કોલેજ સત્તાવાળાઓના શ્વાસ અધ્ધર

## ઉત્તર ગુજરાતની ચારેય કોલેજો ઈન્સ્પેક્શનોમાં અટવાઈ હોવાથી વાલીઓ પણ ચિંતાતુર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મેડીકલ કોલેજની ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી અટવાઈ પડતાં કોલેજ સત્તાવાળાઓના શ્વાસ અધ્ધર થઈ જવા પામ્યા છે. બે-બે વખત કોલેજના અધ્યાપકોના વેકેશન પણ રદ કર્યા છે. જો કે હજુ એમ.સી.આઈ.નું ઈન્સ્પેક્શન પુનઃ ક્યારે થશે તેને લઈ ભારે પ્રશ્નાર્થો છે અને કોલેજ સત્તાવાળાઓ પણ ચિંતાતુર બન્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજના ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માટે કોલેજમાં એકવાર એમ.સી.આઈ.ની ટીમે ઈન્સ્પેકશન કર્યું હતું. ટીમે કોલેજ સંલગ્ન હોસ્પિટલની આંતર માળખાકીય સુવિધાને લઈ ૨૦થી પણ વધુ ત્રુટીઓ આપતાં પુનઃ ઈન્સ્પેક્શન નિશ્ચિત બન્યુ હતુ.

ગાંધીનગર મેડીકલ કોલેજના ચોથા વર્ષના અભ્યાસક્રમ માટે હોસ્પિટલમાં જે કંઈ ત્રુટીઓ હતી તે બધી જ દૂર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. મેડિકલ કાઉન્સિલની ટીમ પુનઃ ઈન્સ્પેક્શન માટે આવી રહી હોવાથી સોસાયટીના સી.ઈ.ઓ શ્રી બુચ, ડીન ડૉ. અરૂણ વ્યાસ તથા સુપ્રિટેન્ડન્ટ ડૉ. સૈયદે ગઈકાલે હોસ્પિટલની સુવિધાઓને લઈ ત્રણ કલાકથી પણ વધુ સમયનો એક મોટો રાઉન્ડ લઈ તૈયારીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મેડીકલ કાઉન્સિલે જે ત્રુટીઓ તારવી હતી તેને લઈ ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે પણ દરમ્યાનગીરી કરી છે જે ઉલ્લેખનીય છે.

૧૫મી એપ્રિલ સુધીમાં પુનઃ ઈન્સ્પેક્શન થઈ જવુ જોઈએ પણ હજુ સુધી મેડીકલ કાઉન્સિલની ટીમ આવી ન હોવાથી કોલેજ સત્તાવાળાઓના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. રજાઓ તમામ કર્મચારીઓની રદ કરવામાં આવી છે તેમજ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

**જય જય જય હનુમાન ગોસાઈ**
**કૃપા કરો ગુરૂદેવ કી નાઈ**



**મનોજવં મારૂતતુલ્યવેગં જિતેન્દ્રિયં બુદ્ધિમતાં વરિષ્ઠમ્ ।**
**વાતાત્મજં વાનરયૂથમુખ્યં શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે ॥**



હનુમાન જયંતિ - હનુમાન જયંતિની ઉજવણી પૂર્વે અમદાવાદના સુપ્રસિદ્ધ હનુમાનજી મંદિર કેમ્પના હનુમાનેથી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. હનુમાનજીના જયઘોષ સાથે નિકળેલી શોભાયાત્રા વિવિધ માર્ગો પર ભક્તિનો માહોલ સર્જ્યો હતો. પ્રતિવર્ષ નિકળતી શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# પાટનગરની જાહેર કચેરીઓ હજુ ગંદકીથી ભરપૂર

## સિવિલ હોસ્પિટલ, જિલ્લા પંચાયત, પાટનગર યોજના, કલેક્ટર કચેરી, વિધાનસભા સંકુલ સહિતની કચેરીઓમાં ગંદકીની બદબુ છવાયેલી છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરની જાહેર કચેરીઓમાં જ સ્વચ્છતાનો અભાવ તંત્ર માટે મોટો પડકાર બની ગયો છે.

જાહેર મિલ્કતોમાં ગાંધીનગરની કચેરીઓ જે ઘણી જુની થઈ ગઈ હોવાથી પાણી લિકેજીસ ઉપરાંત સ્વચ્છતાના અભાવે સરકારના સ્વચ્છતા મિશન માટે પડકારરૂપ બની છે.

સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં જ પાણી પુરવઠો નિયમિત નહિ હોવાની સાથે સાથે પાણી જે ફોર્સથી નીચે સુધી આવવુ જોઈએ તે નહિ આવતુ હોવાને કારણે ટોઈલેટો ગંદકીથી ખદબદી રહ્યા છે. હોસ્પિટલના નવા સંકુલમાં નળની ચોરી તેમજ પાણીના લિકેજીસની સમસ્યા તંત્ર માટે ચિંતાનો પ્રશ્ન બની ઉભરી છે.

કલેકટર ઓફિસમાં પણ સ્વચ્છતાનો મુદ્દો ચિંતાનો મુદ્દો બન્યો છે. અહિ પણ ટાંકી ઉભરાવવાની વાત તો ઠીક પણ ગટર ઉભરાઈ જવાની, નિયમિત રીતે ટોઈલેટ્સની સફાઈ નહિ થતી હોવાની ફરિયાદ સામાન્ય બની છે.

પાટનગર યોજના હોય કે જુના સચિવાલય સંકુલના ઘણા બ્લોક્સમાં પણ સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. સેવા સદન (એમ.એસ. બિલ્ડીંગ)માં પણ કચેરીઓમાં નવુ ફર્નિચર બનતુ હોવાને કારણે કેટલીક કચેરીઓના બિલ્ડીંગોમાં ગંદકી જોવા મળે છે તો કેટલાક માળ સાફ નહિ થતા હોવાને કારણે ત્યાં રેતીના કચરાના ઢગ થયેલા જોવા મળી રહ્યા છે.

વિધાનસભા સંકુલમાં પણ ટોઈલેટ્સ લિકેજીસની ફરિયાદો છે. જિલ્લા પંચાયતમાં મહિલાઓ માટે અલાયદા ટોઈલેટ અંગેના પ્રસ્તાવને પસાર કર્યા બાદ બે સામાન્ય બેઠકો થઈ ગઈ પણ વાત હજુ ક્યાંય આગળ વધી નથી એટલુ જ નહિ ટોઈલેટોની જે નિયમિત સફાઈ થવી જોઈએ તે નહિ થતી હોવાની ફરિયાદ વ્યાપક છે.

આમ ગાંધીનગર શહેરમાં જ સરકારી કચેરીઓની સ્વચ્છતા એ સ્વચ્છતા મિશનના વાહકો માટે પડકારૂપ બની છે. સ્વચ્છતા માટે સિવિલ હોસ્પિટલના રાઉન્ડ દરમ્યાન કલેક્ટર રવિશંકર પણ ચોંકી ઉઠ્યા હતા જે ઉલ્લેખનીય છે. તેમણે પી.આઈ.ના બિલો અટકાવવા માટે તાકીદ કરી હતી.

શહેરના જાહેર માર્ગોની સ્વચ્છતા પણ અસંતોષ જન્માવે છે. સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ સામે હજુ પણ પ્રશ્નાર્થ છે. તો કેટલાક જાહેર સ્થાનો પર મુકેલી કચરા પેટીઓ નાના ભુલકાઓ રમત રમવા માટે ઉપીયોગ કરી રહ્યાની વાતો લોકજીભે ચર્ચાય છે. ખાસ કરીને સે. ૨૩માં આવુ વધારે થતુ હોવાની ચર્ચા છે.

સ્વચ્છતાની વાતો નહિ પણ સાથે મળી એક સારી આદત બનાવી જાહેર મિલ્કતોને પોતીકી ગણી તેના જતન માટે સૌ આગળ આવે તેવી લાગણી નગરવાસીઓ ધરાવે છે.


# ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી

અમદાવાદ, તા. ૩

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ એક બાજુ દિલ્હી, રાજસ્થાન, દેશના અન્ય ભાગોમાં વરસાદ પડ્યો છે ત્યારે બીજી બાજુ ગુજરાતમાં પણ મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાન ગુરુવારની સરખામણીમાં આજે મોટાભાગના વિસ્તારોમાં ઘટ્યા હતા. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮.૮ ડિગ્રી નોંધાયું હતું. ગાંધીનગરમાં આજે ૩૭.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. વડોદરામાં લઘુત્તમ તાપમાન ૨૪.૪ અને મહત્તમ તાપમાન ૩૬.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે અમદાવાદ માટેની આગાહીમાં કહ્યું છે કે, આવતીકાલે તાપમાન વધીને ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરાઈ નથી પરંતુ આવનાર દિવસોમાં ગરમી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે.

પ્રદેશ ઉપર નીચલી સપાટીએ ફુંકાઈ રહેલા ઉત્તર પશ્ચિમ પવનના પરિણામ સ્વરુપે ફરી એકવાર સ્થિતિમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. આજે ફરીવાર ગરમીનું પ્રમાણ ઘટ્યું હતું. તાપમાનમાં એકાએક નોંધપાત્ર ઘટાડો થયો છે. મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે જેથી હવે પંખા અને એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. આવનાર દિવસોમાં આ ચીજવસ્તુઓના વેચાણમાં વધારો થવાના પણ એંધાણ છે.


**ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ**



**શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ**

- ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
- અધતન કીચન તથા વોશ એરીયા
- બાળકો માટે પ્લે એરીયા
- વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
- ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
- અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

**બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...**


વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

**૧ થી ૩૦ સેક્ટર માટે**
**LED TV, LCD TV, Colour TV**
**રીપેરીંગ માટે ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૯૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**

ADMISSSION OPEN




Affiliated to UNIVERSITY of CAMBRIDGE International Examinations
CAMBRIDGE INTERNATIONAL CENTER

Gandhinagar - Mansa highway Randheja,
Gandhinagar - 382620
Phone No : 07923976821-22-23
Cell : +91 9925017160 |
Web : www.gipsschool.com
E-mail : gips.school@yahoo.com

GANDHINAGAR International Public School
Gandhinagar | Dehmi

Admissions Open From Nursery to 12th Sci-Com Gujarati/English Medium